# Surat Municipal Corporation

## e-Magazine

Issue 52
May 19, 2006




### તા.૦૮–૦૫–૦૬ નાં રોજ સેન્ટ્રલ ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા યોજાયેલ "આપના ઝોનના ધ્વારે" કાર્યક્રમ

આજરોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે ૧૦–૩૦ કલાકે " ઝોન આપના દ્વારે " કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં લોકોને સ્પર્શતા જુદા જુદા ઈસમો તરફથી જુદા જુદા ૩૯ પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતાં....

વધુ માટે કલીક કરો >>>>>>

### તા.૧૦–૦૫–૦૬ નાં રોજ રાંદેર ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા યોજાયેલ "આપના ઝોનના ધ્વારે" કાર્યક્રમ



સુરત શહેરમાં લોકપ્રશ્નોને વાચા આપવા માટે શહેર વિસ્તારમાં આવેલા તમામ ઝોનમાં મા. મેયરશ્રીની અધ્યક્ષતામાં લોકદરબારનું આયોજન ગોઠવવામાં આવેલ છે. આ લોકદરબારમાં જે તે ઝોન વિસ્તારમાં જ સ્થાનિક મ્યુ. સદસ્યશ્રીઓ મહાનગરપાલિકાના ચેરમેનશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, વિરોધપક્ષના નેતા, કમિશ્નરશ્રી, જે તે ઝોનના વડા, ઝોનલ ઓફિસર, મહાનગરપાલિકાના તમામ વિભાગના વિભાગીય વડાઓ હાજર રહે છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### તા.૧૨–૦૫–૦૬ નાં રોજ લીંબાયત ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા યોજાયેલ "આપના ઝોનના ધ્વારે" કાર્યક્રમ




સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા તા.૧૨–૦૫–૨૦૦૬નાં રોજ આંબેડકર ભવન, ઉમરવાડા ખાતે યોજાયેલ "આપના ઝોનના ધ્વારે" કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત મેયરશ્રી  ડો. કનુભાઈ માવાણી, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નરશ્રી (હે.અનેહો.)શ્રી આઈ. સી. પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ સમક્ષ પ્રશ્ન રજુ કરતા નાગરિક તથા કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રજાજનો....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા ધ્વારાસુરત સુધરાઈ સ્થાપના દિન તા. ૧૫મી મે ૨૦૦૬ ના રોજ સુગમ સંગીત ગુજરાતી ગીતોનો ગુલદસ્તોનો કાર્યક્રમ




સુરત સુધરાઈ સ્થાપનાના ૧૫૫માં વર્ષની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગાંધી સ્મૃતિ ભવન ખાતે તા. ૧૫મી મેના રોજ શ્રી મેહુલ સુરતી ગ્રૃપનો સુગમ સંગીત " ગુજરાતી ગીતોનો ગુલદસ્તો " નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, કમિશ્નરશ્રી પંકજ જોષી વિગેરેએ દીપ પ્રગટાવી ખુલ્લો મૂકયો હતો.....

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૦૮–૦૫–૦૬ નાં રોજ સેન્ટ્રલ ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા યોજાયેલ "આપના ઝોનના ધ્વારે" કાર્યક્રમ

**આજરોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે ૧૦–૩૦ કલાકે " ઝોન આપના દ્વારે " કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં લોકોને સ્પર્શતા જુદા જુદા ઈસમો તરફથી જુદા જુદા ૩૯ પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત મા. મેયરશ્રીની અધ્યક્ષતા હેઠળ, ડે. મેયરશ્રી, મા. કમિશનરશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી, વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુ. સભ્યશ્રીઓ જુદા જુદા ખાતાના અધિકારીશ્રીઓની ઉપસ્થિતિ વચ્ચે ગાંધી સ્મૃતિ ભવન ખાતે આ કાર્યક્રમમાં અંદાજે ૫૦ જેટલી વ્યકિતઓ હાજર રહેલ અને તેઓ સમક્ષ આવેલ પ્રશ્નોનાં પ્રત્યુત્તર આપી કાર્યક્રમને સફળ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**



TOP

## તા.૧૦–૦૫–૦૬ નાં રોજ રાંદેર ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા યોજાયેલ ''આપના ઝોનના ધ્વારે'' કાર્યક્રમ



સુરત શહેરમાં લોકપ્રશ્નોને વાચા આપવા માટે શહેર વિસ્તારમાં આવેલા તમામ ઝોનમાં મા. મેયરશ્રીની અધ્યક્ષતામાં લોકદરબારનું આયોજન ગોઠવવામાં આવેલ છે. આ લોકદરબારમાં જે તે ઝોન વિસ્તારમાં જ સ્થાનિક મ્યુ. સદસ્યશ્રીઓ મહાનગરપાલિકાના ચેરમેનશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, વિરોધપક્ષના નેતા, કમિશ્નરશ્રી, જે તે ઝોનના વડા, ઝોનલ ઓફિસર, મહાનગરપાલિકાના તમામ વિભાગના વિભાગીય વડાઓ હાજર રહે છે. મહાનગરપાલિકાના કુલ–૭ ઝોન પૈકી પાંચ ઝોનમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક પુરા કરેલ છે.

આજરોજ તા. ૧૦–૦૫–૨૦૦૬ના રોજ સુરત શહેરના પશ્ચિમ ઝોન (રાંદેર)માં આ કાર્યક્રમ સવારે ૧૦–૩૦ કલાકે આનંદમહલ રોડ ઉપર આવેલ સ્નેહસંકુલની વાડી, ખાતે રાખવામાં આવેલ. આ લોક દરબારના કાર્યક્રમમાં ઝોન વિસ્તારના સ્થાનિક પ્રજાજનોના લોકપ્રશ્નો / ફરિયાદ ને વાચા આપવા / નિવારણ કરવા અગાઉથી જાહેર વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ આપી એડવાન્સમાં નિયત સમય સુધીમાં જાહેર પ્રજાજનો તરફથી લોકપ્રશ્નો / ફરીયાદ ઝોનમાં મેળવવામાં આવેલી. નિયત તારીખમાં કુલ–૪૭ ફરીયાદી અજરદારો ધ્વારા કુલ–૧૪૪ પ્રશ્નોની લેખિત રજુઆતો કરાયેલ હતી. આ તમામ અરજદારોને લેખિત પત્ર પાઠવી આજરોજના લોકદરબારના કાર્યક્રમમાં વિધિવત આમંત્રણ આપેલ તથા અન્ય નાગરિકોને પણ હાજર રહેવા વિનંતી કરાયેલ. જે મુજબ લોકદરબારનો કાર્યક્રમ નિયત સમયે સવારે ૧૦–૩૦ કલાકે મા. મેયરશ્રીની તથા અન્ય પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતમાં શરૂ થયેલ.




આ કાર્યક્રમમાં એક પછી એક તમામ ઉપર જણાવેલા ફરીયાદી અરજદારોની ફરીયાદો સાંભળવામાં આવેલ તેમજ તેમની ફરીયાદોના નિકાલ બાબતે યોગ્ય સમય મર્યાદા સહિત નિર્ણય આપવામાં આવેલ. ફરીયાદો સિવાય અરજદારો ધ્વારા રજુ થયેલા સુચનોને પણ ધ્યાનમાં લેવામાં આવેલ. મુખ્યત્વે લોકદરબારમાં રાંદેર ઝોનના ટ્રાફિકના પ્રશ્નો, નવા વિસ્તારની સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધાના કામો, પાણીની લાઈનના પ્રેસરના પ્રશ્નો, વરસાદી ગટરની સમસ્યાઓ, નવા બ્રીજ બનાવવાના સુચનો, ભુલકાભવન જંકશન પાસે ફલાયઓવરનું સુચન, પાર્કીગના પ્રશ્નો, સ્ટ્રીટ લાઈટના પ્રશ્નો, સહિત વિવિધ લોકપ્રશ્નોની રજુઆત થયેલ તથા જેની વિસ્તૃત ચર્ચાઓ થઈ. આ કાર્યક્રમ બપોરે ૨–૦૦ કલાકે સફળતા પૂર્વક આખરે પૂર્ણ થયેલ.

TOP

## તા.૧૨–૦૫–૦૬ નાં રોજ લીંબાયત ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા યોજાયેલ ''આપના ઝોનના ધ્વારે'' કાર્યક્રમ




**સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોનને લગતા લોકપ્રશ્નો સાંભળવા તા.૧૨–૦૫–૨૦૦૬નાં રોજ આંબેડકર ભવન, ઉમરવાડા ખાતે યોજાયેલ ''આપના ઝોનના ધ્વારે'' કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નરશ્રી (હે.અનેહો.)શ્રી આઈ. સી. પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ સમક્ષ પ્રશ્ન રજુ કરતા નાગરિક તથા કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રજાજનો.**



**TOP**

## સુરત મહાનગરપાલિકા ધ્વારાસુરત સુધરાઈ સ્થાપના દિન તા. ૧૫મી મે ૨૦૦૬ ના રોજ સુગમ સંગીત ગુજરાતી ગીતોનો ગુલદસ્તોનો કાર્યક્રમ



સુરત સુધરાઈ સ્થાપનાના ૧૫૫માં વર્ષની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગાંધી સ્મૃતિ ભવન ખાતે તા. ૧૫મી મેના રોજ શ્રી મેહુલ સુરતી ગ્રૂપનો સુગમ સંગીત " ગુજરાતી ગીતોનો ગુલદસ્તો " નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, કમિશ્નરશ્રી પંકજ જોષી વિગેરેએ દીપ પ્રગટાવી ખુલ્લો મૂકયો હતો. પ્રાસંગિક પ્રવચન કરતા મા.મેયરશ્રીએ જણાવ્યું હતું કે સુરત ઐતિહાસિક શહેર છે. અહીં ચોર્યાસી બંદરોના વાવટા ફરકતા હતા. વ્યાપારિક પ્રવૃત્તિઓથી ધમધમતા સુરત શહેરમાં સને ૧૮૫૨માં સુધરાઈની સ્થાપના થઈ. સને ૧૮૫૫માં પ્રાથમિક શાળાઓનો વહીવટ સુધરાઈને સોંપાયો. સને ૧૮૬૭માં સુધરાઈની કચેરી હાલના મકાનમાં લાવવામાં આવી. સને ૧૮૭૭માં હોપ પુલ જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. સને ૧૯૬૬માં સુધરાઈનું મહાનગરપાલિકામાં રૂપાંતર કરવામાં આવ્યું. આમ ક્રમશઃ પ્રગતિના સોપાનો સર કરી રહેલ સુરત શહેરે રેલ, પ્લેગ જેવી મહામારીનો પણ હિંમતપૂર્વક સામનો કર્યો હતો. સુરત આજે વૈશ્વિક સ્તરે ઝડપથી પ્રગતિ કરી રહયું છે એમ જણાવી સુરત સુધરાઈના ૧૫૫માં વર્ષની ઉજવણી નિમિત્તે સૌને અભિનંદન આપી એમનું વકતવ્ય પૂર્ણ કર્યુ હતું. ત્યાર બાદ શ્રી મેહુલ સુરતી ગ્રૂપે વિવિધ ગીતોની સુંદર રજુઆત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. રઈશ મનીયાર તથા ડો. મુકુલ ચોકસીએ કર્યુ હતું.




TOP